ગુજરાત સમાચાર
તા: ૦૬-૦૬-૦૨

# સુગમ સંગીતમાં વિશ્વનું કાશી ગણાતું ભાતીગળ ભાવેણું મુંબઇમાં ઝળક્યુ

ભાવનગર, મંગળવાર

૧૧૦ કલાકારોના કાફલાએ ૨૩,૨૪ મે ના રોજ મુંબઇમાં ચેમ્બુર ખાતેના ફાઇન આર્ટસ હોલ ખાતે અને તા. ૨૫ મે ના રોજ કલ્યાણની સેન્ચ્યુરી રેયોન સ્ટાફ રીક્રીએશન ક્લબ ખાતે ભાવોત્સવ અંતરગત સાજન બેહું માંડવે અને ભાવેણાથી ભાવસભર એ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરી મુંબઇગરાઓને મીઠું મનોરંજન પીરસતો મહોત્સવ ઉજવ્યો હતો.

## ૧૧૦ કલાકારોના કાફલાએ મોહમયી નગરીના લોકોને મોહી લીધા

ભાવેણાના પનોતા પુત્ર તુશાર જોષીની પરીકલ્પના સાજનબેહું માંડવે માં કાઠીયાવાડની પારંપારિક ભાતીગણ લગ્ન પરંપરાને નાટ્યાત્મક રીતે રજુ કરવા દિગ્ગદર્શિત કરવાની જવાબદારી સલીલ મહેતા અને રાજેશ જવેરીને સંયુક્ત પણે અદાકરી કલ્પેશ ભડીયાદ્રા અને ક્રિષ્ણાને વરકન્યાની જોડીમાં તખ્તાપર ઉતારી ભારે દિપાવ્યા હતા. ગુજરાતમાં સૌ પ્રથમવાર ભાવેણાની સુગમ સામ્રાજ્ઞી દિપ્તી દેસાઇ અને સ્વાતિ પાઠકના મધુર કંઠે ગવાયેલા પોરાણિક લગ્નગીતોની કોરીયોગ્રાફી, એકટીવ કલાવૃંદની બહેનો પાસે કરાવડાવી ડો. નિપા ઠક્કરએ ભાવેણાની રચનાત્મક કલાસુઝની પરખ સમગ્ર ભારતને આ કાર્યક્રમના માધ્યમથી આપી હતી. કન્યાના દાદાના રોલમાં રાજેશ જવેરી, કન્યાદાન કરનાર માતાપિતાના રોલમાં નિપા ઠક્કર અને વિપુલ આચાર્ય, મામાના રોલમાં જીતુભાઇ ભટ્ટ, કન્યાના સગા પક્ષમાં શ્રીમતી પ્રુતિ આચાર્ય, શ્રીમતી જ્યોત્સના ભટ્ટ અને શ્રીમતી કુમુંદ મહેન્દ્ર ત્રિવેદી જ્યારે વરપક્ષમાં શ્રીમતી નેના દવે, શ્રીમતી ઉર્મી શાહ, શ્રીમતી બેલા મહેતા, અને શ્રીમતી નિહારીકા આચાર્યએ સમગ્ર હાલને લગ્ન મંડપમાં ફેરવી નાંખ્યો હતો. મુંબઇ સાથે સાંસ્કૃતિક નાતો જોડતી લગ્ન પત્રિકા યજ્ઞેશ આચાર્યદ્વારા તૈયાર કરાઇને હોલમાંના તમામ પ્રેક્ષક ગણમાં વહેંચાઇ હતી. રઘુવિર કુંચાલા અને વિશ્વા કુંચાલાના કંઠે ગવાયેલા લોકગીતો સાથે લગ્નોત્સવરચિત રાસગરબા અને દાંડીયા રાસની કૃતિમાં ભાવેણાની આંતર રાષ્ટ્રિય ખ્યાતી ધરાવતી કલાસંસ્થાઓ આવિષ્કાર કલાવૃંદ, એમઆોર કલાવૃંદ, એકટીવ કલાવૃંદ, કલા સંગમ, અને વેણુનાદ કલાવૃંદ દ્વારા રજૂ કરાઇ હતી. જ્યારે પારંપારિક શાસ્ત્રોક્ત વેદ મંત્રોચ્ચાર સાથે ગૌરની ભુમિકા કેયુર મહેતાએ આબેહુબ નિભાવી હતી. કાર્યક્રમના સુત્રધાર તરીકે જાણીતા લોકગાયક અને લોક સાહિત્યકાર અભેસીંગ રાઠોડએ લગ્નોત્સવની વાતમાંડી અંતમાં કન્યાવિદાય વેળાએ કાળજા કેરો કટકો મારા હાથથી છુટી ગો. ભાવવાહી રીતે રજૂ કરી પ્રેક્ષક સમુદાયની આંખો ભીંજવી દીધી હતી.

દિવાનપરા રોડના જુના રાજાશાહી વખતના ઐતિહાસિક સેટની ઓથે યોજાયેલ ભાવેણાતી ભાવનગર, શિર્ષક હેઠળના ગુજરાતી સુગમ સંગીત આધારીત ગીતોના કાર્યક્રમમાં ગુજરાતી, સંગીતની સ્મીતા ઉજાળનાર શ્રી અવિનાસ વ્યાસ, પુરૂષોત્તમ ઉપાધ્યાય, દિલીપ ધોળકીયા, કલ્યાણજી આણંદજી, પીનાકીન મહેતા, અને મહંમદ દેખેયાએ સ્વરબધ્ધ કરેલા અને ગુજરાતીઓની જીભે સદા રમતા ગુનગુનાતા રહેલા લોકભોગ્ય સુગમનો ગીતો, ભાવેણાના કલાકારો- પાર્થીવ ગોહિલ, રેખા ત્રિવેદી, દિપ્તી દેસાઇ, સ્વાતિ પાઠક, વિપુલ આચાર્ય ધર્માન્શુ રાવળ, મેહુલ જીકાર, અને શ્રધ્ધા શ્રીધરાણીએ રજૂ કરી મુંબઇના કલારસિક શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. જ્યારે જાણીતા કવિ શ્રી તુશાર શુકલના રસદર્શને શ્રોતાઓને છેક સુધી જકડી રાક્યા હતા. તેમાં પણ કવિ શ્રી રાહી ઓવારીયાની શબ્દરચના અને મહંમદ દેખૈયા તેમજ જાગેશ જીકારને સ્વરાંકન કરેલ ભાવનગરની સાંસ્કૃતિક વિરાસતને તાદ્રશ કરતુ સમુહગીત આતો ભાવનગર છે ભાતીગણ ભાવેણાના કલાકારોએ રજૂ કરીને ભાવનગરને સુગમસંગીતના કાશી નું બીરૂદ અપાવ્યું હતું. જાગેશ જીકારનાં સંગીત નિયોજન તળે યોજાયેલા આ બન્ને કાર્યક્રમોમાં વાધ્યકાર તરીકે દેવેન્દ્ર મહેતા, દિનેસ પટેલ, કલાપી પાઠક, સુરેશ વાઘેલા, શ્રેયાંસ દવે અને અજીત પરમારને અમદાવાદ મુંબઇના અન્ય સાજીદોઓ સાથે ભારે જમાવટ કરી હતી. સમગ્ર આયોજનને પાર પાડવા કલાગુર્જરી ભાવનગરના મહેન્દ્ર ત્રિવેદી, સંતોષ કામદાર, નીશીથ મહેતા, કાળુભાઇ દવે, યજ્ઞેશભાઇ આચાર્ય જીતુભાઇ ભટ્ટ, ભુપેન્દ્ર શાહ, મહેન્દ્ર ભડીયાદ્રા, ધ્રુવ ત્રિવેદી, ખમીર મજમુદાર, અને મુંબઇના દિનેસ માણેક, અક્ષય મહેતા, જયશ્રીબેન ઠાકોર, મિલન અજમેરા અને હીરેસ માણેકએ જહેમત ઉઠાવી હતી.